| | | | |
|---|---|---|---|
| આવ્યા તારીખ | ૧૯/૦૨/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૧૯/૦૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૦ | ૨૦ |

## મોરબી ના મે. બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ (શ્રી જે.જે.જોષી) સાહેબશ્રીની કોર્ટમાં,મુકામ:- મોરબી

| | |
|---|---|
| **દિવાની પરચુ. અરજી નંબર** | **૧૫/૨૦૨૫** |
| **આંક** | **૫૨** |

**અરજદાર** : શ્રી આશીષ રજનીકાંત સંઘવી,
ઉ.વ.૫૮, ધંધો:વેપાર
રહે.૪, શકિત પ્લોટ, મોરબી.
Mo.No. 98242 33603

**અરજ:- મર્હુમ શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીની મિલ્કતના લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ ધી વીલ અને એનેકસ્ડ મેળવવા**

---

અરજદાર તર્ફે : વિ.વ.શ્રી સી.ડી.કારીયા

---

**//ઠરાવ//**

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના પિતાશ્રીનું નામ રજનીકાંત રતીલાલ સંઘવી છે અને તેમનુ તા.૨૧/૧૦/૨૦૨૪ નારોજ મોરબી મુકામે અવસાન થયેલુ છે. અને તેમના મરણનું પ્રમાણપત્ર મોરબી નગરપાલીકા તરફથી આપવામા આવેલુ છે. વધુમાં અરજદારની માતાનું નામ રંજનબેન રજનીકાં

ત સંઘવી છે. અને તેમનું તા.૨૨/૪/૨૦૧૨ નારોજ મોરબી મુકામે અવસાન થયેલુ છે. અને તેમના મરણનું પ્રમાણપત્ર મોરબી નગરપાલિકા તરફથી આપવામા આવેલુ છે.

૧.૧ અરજદારનુ વધુમાં કથન છે કે મર્હુમ રજનીકાંત સંઘવી ના સીધી લીટીના વારસદાર તરીકે (૧) સ્વ.રંજનબેન–પત્ની (૨) આશીષભાઈ–પુત્ર (૩) કેતનાબેન–પુત્રી (૪) દર્શાબેન–પુત્રી (૫) મીરાબેન–પુત્રી (૬) ચેતનાબેન–પુત્રવધુ (૭) રીપેન –પૌત્ર (૮) અનેરી–પૌત્રી (૯) જીજ્ઞેશકુમાર–પૌત્રી જમાઈ (૧૦) નીધીબેન–પૌત્રવધુ (૧૧) નિવાન–પ્રપૌત્ર (૧૨) પ્રિહાન–પ્રપૌત્ર છે. ઉપરોકત ગુજરનાર રજનીકાંત રતીલાલ સંઘવી ગુજરનારના પુત્ર આશીષ રજનીકાંત સંઘવી તથા ગુજરનારના પૌત્ર રીપેન આશીષભાઈ સંઘવી નો વારસાઈ આંબો મોરબી સીટી તલાટી તરફથી કાઢી આપવામા આવેલો છે.

૧.૨ અરજદારનુ વધુમાં કથન છે કે ગુજરનાર રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની હૈયાતી દરમ્યાન તેમની સ્વતંત્ર આવકમાંથી સ્થાવર તથા જંગમ મિલ્કતો ખરીદ કરેલી છે. જેમાં **(એ)** ભાવનગર જીલ્લાના સિંહોર તાલુકાના ગામ સોનગઢ ગામે પાલીતાણા રોડ પર આવેલ સોનગઢના સીમ સર્વે નં.૨૩૫ પૈકીની જમીનમાં રહેણાંકના હેતુ માટેના પ્લોટો આવેલ છે. જે શ્રી ગુણોદય નગર થી ઓળખાય છે. જે પ્લોટો પૈકીના પ્લોટ નં.૧૧ ક્ષેત્રફળ ૧૭૩.૮૫ ચો.મી. થાય છે. તે મિલ્કત શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીએ રજી.વે.દ.અનુ.નં. ૧ થી તા.૧/૧/૨૦૦૯ થી વેચાણ રાખેલ છે. જે પ્લોટની પુર્વે પ્લોટ નં.૧૨ આવેલ છે અને તે તરફનું ઉતર–દક્ષિણ માપ ૧૯ મીટર છે.તેમજ આ પ્લોટની પશ્ચિમે પ્લોટ નં.૧૦ આવેલ છે અને તે તરફનું ઉતર–દક્ષિણ માપ ૧૯ મીટર છે. તેમજ આ પ્લોટની ઉતરે લાગુ સર્વે નં.૨૩૪ પૈકીની બીન ખેડાણ જમીન આવેલી છે અને તે તરફનું પુર્વ–પશ્ચિમ માપ ૯.૧૫ મીટર છે. તેમજ આ પ્લોટની દક્ષિણે આંતરીક રસ્તો આવેલો છે અને તે તરફનું પુર્વ–પશ્ચિમ માપ ૯.૧૫ મીટર છે. આ પ્લોટ નં.૧૧ ના વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં.૨ માં નોંધ નં.૧૧ થી કરવામા આવેલી છે. અને તે મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.

૩,૦૦,૦૦૦/– થાય છે. **(બી)** ભાવનગર જીલ્લાના સિંહોર તાલુકાના ગામ સોનગઢ ગામે પાલીતાણા રોડ પર આવેલ સોનગઢના સીમ સર્વે નં.૨૩૫ પૈકીની જમીનમાં રહેણાંકના હેતુ માટેના પ્લોટો આવેલ છે. જે શ્રી ગુણોદય નગર થી ઓળખાય છે. જે પ્લોટો પૈકીના પ્લોટ નં.૧૨ ક્ષેત્રફળ ૧૭૩.૮૫ ચો.મી. થાય છે. તે મિલ્કત શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીએ રજી.વે.દ.અનુ.નં. ૨ થી તા.૧/૧/૨૦૦૯ થી વેચાણ રાખેલ છે. જે પ્લોટની પુર્વે પ્લોટ નં.૧૩ આવેલ છે અને તે તરફનુ ઉતર–દક્ષિણ માપ ૧૯ મીટર છે. તેમજ આ પ્લોટની પશ્ચિમે પ્લોટ નં.૧૧ આવેલ છે અને તે તરફનું ઉતર–દક્ષિણ માપ ૧૯ મીટર છે. તેમજ આ પ્લોટની ઉત્તરે લાગુ સર્વે નં.૨૩૪ પૈકીની બીન ખેડાણ જમીન આવેલી છે અને તે તરફનું પુર્વ–પશ્ચિમ માપ ૯.૧૫ મીટર છે. તેમજ આ પ્લોટની દક્ષિણે આંતરીક રસ્તો આવેલો છે અને તે તરફનુ પુર્વ–પશ્ચિમ માપ ૯.૧૫ મીટર છે. આ પ્લોટ નં.૧૨ ના વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં.૨ માં નોંધ નં.૧૨ થી કરવામા આવેલી છે અને તે મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.૩,૦૦,૦૦૦/– થાય છે. **(સી)** રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ તેમજ તાલુકા મોરબીના ગામ ત્રાજપરના સર્વે નં. ૭૪ પૈકીની જમીન રહેણાકના હેતુ માટે બીનખેતીમાં ફેરવાયેલ છે. જે સુર્યકીર્તિ નગર – ૨ ના નામે ઓળખાય છે. તેમાં પ્લોટો પાડવામા આવેલ છે તે પ્લોટો પૈકીના પ્લોટ નં.૩૦ ની ખુલ્લી જમીન ક્ષેત્રફળ ૧૩૫૦ ચો. ફુટ જેના ચો.મી.૧૨૫.૪૧ છે. તે મિલ્કત રજનીકાંત રતીલાલ સંઘવીએ વેચાણ રાખતા તે વેચાણ દ.અનુ.નં. ૧૧૪૪૨ થી તા.૧૨/૯/૨૦૧૮ નારોજ નોંધાયેલ છે. તે પ્લોટની પુર્વે લાગુ પ્લોટ નં. ૨૯ની જમીન આવેલી છે અને તે તરફનું માપ ૫૦ ફુટ છે. તેમજ આ પ્લોટની પશ્ચિમે લાગુ પ્લોટ નં.૩૧ ની જમીન આવેલી છે અને તે તરફનું માપ ૫૦ ફુટ છે. તેમજ આ પ્લોટની ઉતરે લાગુ પ્લોટ નં.૪૯ ની જમીન આવેલી છે અને તે તરફનું માપ ૨૭ ફુટ છે. તેમજ આ પ્લોટની દક્ષિણે આ બીન ખેતીની જમીનનો ૨૦ ફુટનો રસ્તો આવેલો છે અને તે તરફનું માપ ૨૭ ફુટ છે. આ પ્લોટ ત્રાજપરના રેવન્યુ રેકર્ડમાં ગામ

નમુનાનં.૬ ના હકક પત્રકમાં નોંધ નં.૪૯૫૩ થી નોંધાયેલ છે અને તે મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.૫,૫૦,૦૦૦/– છે. (ડી) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા મોરબી, શહેર મોરબીમાં શકિત પ્લોટ શેરી નં.૮ માં આવેલ દુકાનો ઉપરની ખુલ્લી છત તથા છત ઉપર કરેલ બાંધકામ રવેશ સહિત તથા સીડી નીચેના ખાંચા તથા જમીન સહીતની શ્રી રજનીકાંત રતીલાલભાઈ સંઘવીએ વેચાણ દ.અ.નં. ૫૨૨૯ તા.૩૧–૦૩–૨૦૦૮ થી વેચાણ રાખેલી છે. જેની જમીનનુ ક્ષેત્રફળ ૫–૪૩ ચો.મી. છે. છત તથા રવેશ સહિત ક્ષેત્રફળ ૧૪૯.૪૦ ચો.મી. છે તથા સીડી ક્ષેત્રફળ ૫.૪૩ ચો.મી. છે. તેમ કુલ બાંધકામ ૧૫૪.૮૩ ચો.મી. છે અને બાંધકામનુ વર્ષ ૧૯૯૨ છે. આ મિલ્કત મોરબી સીટી સર્વે કચેરીમાં શીટ નં.૨૦૩ થી ચાલતા નં.૪૦ તથા સર્વે નં.૧૯૬૮ પૈકીથી નોંધાયેલ છે. જેની પુર્વ તરફ વનેચંદ ગોપાલજીની જગ્યા છે. તેમજ પશ્ચિમ તરફ શકિત પ્લોટ શેરી નં.૮ ની જગ્યા છે. તેમજ ઉત્તર તરફ શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીએ ખરીદ કરેલ છત તથા ઓફીસ આવેલ છે. તેમજ દક્ષિણ તરફ સુખલાલ વલ્લભદાસની જગ્યા આવેલ છે. સદરહુ વેચાણ અંગેની નોંધ મોરબી સીટી સર્વે કચેરીમાં નોંધ નં.૩૦૦૦ થી દાખલ થયેલી છે. જે તા.૧૮/૮/૨૦૦૮ ના રોજ પ્રમાણિત થયેલી છે અને સદરહુ મિલ્કત ની વેલ્યુએશન આશરે રૂા.૭,૫૦,૦૦૦/– છે. (ઈ) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા મોરબી શહેર મોરબીમાં શકિત પ્લોટ શેરી નં.૮ માં આવેલી ખુલ્લી છત તથા રવેશ સહીત તથા સીડી નીચેના ખાંચાવાળી મિલ્કત શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવીએ રજી.વે.દ.અ.નં. ૧૫૦૮ તા.૬/૫/૧૯૯૫ થી વેચાણ રાખેલ છે. જેની છત તથા રવેશ સહિત ક્ષેત્રફળ ૧૩૦.૨૦ ચો.મી. તથા સીડી ક્ષેત્રફળ ૪.૨૮ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૧૩૪.૪૮ ચો.મી છે. આ મિલ્કત મોરબી સીટી કચેરીમાં શીટ નં. ૨૦૩ થી ચાલતા ૪૦ તથા સર્વે નં.૧૯૬૮ પૈકીથી નોંધાયેલ છે. જેની પુર્વ તરફ વનેચંદ ગોપાલજીની જગ્યા છે. તેમજ પશ્ચિમ તરફ શકિત પ્લોટ શેરી નં.૮ ની જગ્યા છે. તેમજ ઉત્તર તરફ ડો.ભાલોડીયાની

હોસ્પીટલ આવેલી છે. તેમજ દક્ષિણ તરફ શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીની માલીકીની છતની જગ્યા આવેલી છે. સદરહુ વેચાણ અંગેની નોંધ મોરબી સીટી સર્વે કચેરીમાં નોંધ નં.૧૪૮૪૦ થી દાખલ થયેલી છે. જે તા.૭/૭/૨૦૨૨ ના રોજ પ્રમાણિત થયેલી છે અને સદરહુ મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.૬,૫૦,૦૦૦/- છે. **(એફ)** રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ,સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા મોરબી, શહેર મોરબીમાં શકિત પ્લોટ શેરી નં.૪ માં આવેલ રહેણાંક મકાન જેનુ ક્ષેત્રફળ ચો.ફુટ ૩૯૦૦ જેના ચો.મી. ૩૬૨.૩૨૨ તથા બાંધકામ ચો.ફુટ ૩૦૦૬.૬૦ જેના ચો.મી. ૨૭૯.૩૨૨ છે. જે મકાન શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવી તથા તેમના ભાઈ શ્રી ઈન્દુલાલ રતીલાલ સંઘવીની સંયુકત માલીકીનુ આવેલ છે જે મકાન પરત્વે બંને ભાઈઓ વચ્ચે ભાઈઓ ભાગની વહેંચણી થતાં મકાન માંહેથી દક્ષિણ તરફનો અડધો ભાગ જેમાં બે ઓરડા, ઓસરી,રસોડુ, બાથરૂમ, સંડાસ તથા આગળ પાછળનુ ફળીયુ એમ કુલ જમીન ચો.મી. ૧૮૧.૧૬૧ તથા તેના ઉપરનુ બાંધકામ ચો.મી.૧૩૯.૬૬૧ વાળો ભાગ શ્રી રજનીકાંત રતીલાલ સંઘવી ના ભાગમાં આવેલ. આ મિલ્કતનો ભાઈઓ ભાગની વહેંચણી દસ્તાવેજ મોરબી સબ રજીસ્ટ્રાર કચેરીમાં અ.નં.૭૨૩૮ થી તા.૯/૭/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે. સદરહુ મિલ્કત મોરબી સીટી સર્વે કચેરીમાં વોર્ડ નં.૩, સીટ નં.૨૦૩ તથા સીટી સર્વે નં.૧૯૩૩ થી નોંધાયેલ છે. જેમાં શ્રી રજનીકાંતભાઈ ના ભાગમાં આવેલી મિલ્કતની પુર્વ તરફ શકિત પ્લોટ શેરી નં.૪ છે. તેમજ પશ્ચિમ તરફ નિખિલકુમાર ઈન્દુલાલ ની જગ્યા આવેલી છે. તેમજ ઉત્તર તરફ નિખિલકુમાર ઈન્દુલાલ ની જગ્યા આવેલી છે. તેમજ દક્ષિણ તરફ મહેતા રતીલાલ ખીમચંદનુ મકાન આવેલુ છે. સદરહુ વહેંચણી દસ્તાવેજ અંગેની નોંધ મોરબી સીટી સર્વે કચેરીમાં નોંધ નં.૧૩૭૬૭ થી દાખલ થયેલી છે. જે તા.૨/૭/૨૦૨૧ ના રોજ પ્રમાણિત થયેલી છે. **(જી)** સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ રતનપર મધ્યે પંચાયત હદમાં આવેલ રતનપર સીમ સર્વે નં.૧૩૧/૧ ની જમીન એકર ૧-૧૪ ગુંઠા જેના ચો.મી. ૫૪૬૩.૦૦ ના માપની બિનખેતી થયેલી જમીનના પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૭ થી ૨૪

તથા ૨૬ થી ૨૮ ની મળી કુલ ખુલ્લી જમીન ચોરસ વાર ૧૨૫૪.૩૩ જેના ચો.મી. ૧૦૪૮.૮૦ વાળી શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવીએ રજી.વે.દ.અ.નં. ૬૮૦૯, તા.૨૯/૧૦/૨૦૧૦ થી વેચાણ રાખેલ જે માંહેથી પ્લલોટ નં.૧૭ થી ૨૧ તથા પ્લોટ નં.૨૪ વાળા પ્લોટસ શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવીએ તેમની હયાતીમાં વેચાણ કરી નાખેલ છે અને બાકીના પ્લોટ નં.૨૨,૨૩ ૨૬,૨૭,૨૮ વાળા શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવી ની સ્વતંત્ર માલીકીના આવેલા છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૨, ચો.વાર ૧૦૦.૪૬, ચો.મી. ૮૪.૦૦ ની પુર્વ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૧૦ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મી. પહોળો રસ્તો છે. તેમજ ઉત્તર તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૧ આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૩ આવેલો છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૩, ચો.વાર ૧૦૦.૪૬, ચો.મી. ૮૪.૦૦ ની પુર્વ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૯ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મી. પહોળો રસ્તો છે. તેમજ ઉત્તર તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૨ આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં લાગુ રે.સ.નં. ૧૩૦/૧ આવેલ છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૬, ચો.વાર ૧૦૭.૬૪, ચો.મી. ૯૦.૦૦ ની પુર્વ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૪ તથા ૨૫ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૭ આવેલ છે. તેમજ ઉત્તર તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મીટર પહોળો રસ્તો આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં લાગુ રે.સ.નં.૧૩૦/૧ આવેલ છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૭, ચો.વાર ૧૦૭.૬૪, ચો.મી. ૯૦.૦૦ ની પુર્વ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૬ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર

૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટનં.૨૮ આવેલ છે. તેમજ ઉત્તર તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મીટર પહોળો રસ્તો આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં લાગુ રે.સ.નં. ૧૩૦/૧ આવેલ છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૮, ચો.વાર ૧૦૭.૬૪, ચો.મી. ૯૦.૦૦ ની પુર્વ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૭ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટનં. ૨૯ આવેલ છે. તેમજ ઉત્તર તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મીટર પહોળો રસ્તો આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં લાગુ રે.સ.નં. ૧૩૦/૧ આવેલ છે. સદરહુ વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે. જે ગામ નમુનાનં.૭–૧૨ તથા ૮–અ માં દાખલ થયેલ છે. સદરહુ મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.૨૦,૦૦,૦૦૦/– થાય છે.

૧.૩ અરજદારનુ વધુમાં કથન છે કે ગુજરનાર રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની હૈયાતી દરમ્યાન તેમની આવકમાંથી જંગમ મિલ્કતો ખરીદ કરેલી છે. જેમાં **(એ)** મોરબી પોસ્ટ ઓફીસમાં શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીનુ બચતખાતુ આવેલુ છે તે તમામ રકમ **(બી)** મોરબી પોસ્ટ ઓફીસમાં શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીના નામના રહેલ નેશનલ સેવીંગ સર્ટીફીકેટસની પાકતી મુદતે જે કાંઈ રકમ હોય તે તમામ રકમ **(સી)** શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીના નામનુ બેંક ઓફ બરોડામાં પી.પી. એફ. એકાઉન્ટ નં.૧૭૯ આવેલ છે તેમાં પડેલ તમામ રકમ **(ડી)** રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીના તેમના ગોલ્ડ પરચેઝ એકાઉન્ટમાં રહેલ રૂા.૧,૨૨,૭૦૦/– **(ઈ)** રજનીકાંતભાઈ સંઘવી એ તેમની હયાતી દરમ્યાન તેમની બચતમાંથી વખતો વખત ખરીદ કરેલ તથા પ્રસંગોપાત મળેલ ભેટ સોગાદોમાંથી અંદાજે ૧૦૦૦ ગ્રામ સોનાના દાગીના તેમજ આશરે ૧૫ કેરેટ ડાયમંડ છે તે દાગીના તથા ડાયમંડ **(એફ)** શ્રી રજનીકાંત સંઘવીએ જુદી જુદી કંપનીના મીચ્યુઅલ કંપનીમા રોકાણ કરેલ છે. જેમાં એકસીસ મીચ્યુઅલ ફંડ એકાઉન્ટ નં.૯૧૦૫૩૮૩૭૭૪૫ જેમાં જોઈન્ટ હોલ્ડરનું

નામ રીપેન આશીષકુમાર સંઘવી અને નોમીની નું નામ અનેરી ડો/ઓ આશીષકુમાર સંઘવી છે. તેમજ ડી.એસ.પી.મીચ્યુઅલ ફંડ એકાઉન્ટ નં.૭૦૦૦૨૨૮૯ જેમાં નોમીનીનું નામ રીપેન આશીષકુમાર સંઘવી છે. તેમજ એચ.ડી.એફ.સી. મીચ્યુઅલ ફંડ એકાઉન્ટ નં.૧૦૬૪૬૪૬૨/૯૫ જેમાં જોઈન્ટ હોલ્ડરનું નામ આશીષકુમાર રજનીકાંત સંઘવી અને નોમીનીનું નામ રીપેન આશીષકુમાર સંઘવી છે. તેમજ નીપ્પોન ઈન્ડીયા મીચ્યુઅલ ફંડ એકાઉન્ટ નં.૪૧૩૮૬૧૪૪૦૬૫ જેમાં જોઈન્ટ હાલ્ડરનું નામ આશીષકુમાર રજનીકુમાર સંઘવી છે. જે મુજબ ગુજ.રજનીકાંત રતીલાલ સંઘવીના તા.૩૧/૩/૨૫ સુધીના તેમના કેપીટલ ગેઈન્સ (મીચ્યુઅલ ફંડ ઈકવીટી) ના એકાઉન્ટ સ્ટેટમેન્ટ મુજબ જમા રહેલ તમામ રકમ **(જી)** શ્રી રજનીકાંત સંઘવીનુ એચ.ડી.એફ.સી. બેન્ક મોરબી શાખામા બચત ખાતુ આવેલ છે જેનો નં.૦૩૦૭૧ ૦૦૦૦૧૩૮૯૬ છે. તેમાં રહેલી તમામ રકમ **(એચ)** શ્રી રજનીકાંત સંઘવીએ તેમની હૈયાતી સુધી તેમની પાસે રહેલ બેન્કમાં તથા ઘરમાં કાઈ રોકડ રકમ હોય તે તેમની હૈયાતી બાદની આવેલ તમામ રોકડ રકમ **(આઈ)** શ્રી રજનીકાંત સંઘવીના નામનુ એસકેએસઈ સીકયુરીટીઝ લીમીટેડનુ ડીમેટ એકાઉન્ટ આવેલ છે. જેના એકાઉન્ટનં. ૧૨૦૧૮૦૦૦૦૦૩૬૪૮૬૨ છે. તે ડીમેટ એકાઉન્ટમા તેમના નામના જે કાંઈ શેર સ્ટોક હોય તે તમામ **(જે)** ઉપર જણાવ્યા સીવાયની ગુજ.રજનીકાંત રતીલાલ સંઘવી ની હૈયાતી બાદ તેમના નામે જે કાંઈ જંગમ મિલ્કત મળી આવે તે તમામ.

<u>૧.૪</u> અરજદારનુ વધુમા કથન છે કે, શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની હૈયાતીમા ઉપર જણાવ્યા મુજબ સ્થાવર તેમજ જંગમ મિલ્કતનુ વીલ યાને વસીયતનામુ સાક્ષીઓ રુબરુ મોરબી મુકામે નોટરી રજીસ્ટ્રાર રુબરુ અનુ.નં.૪૩૫૮ થી તા.૩/૪/૨૩ નારોજ ધોરણસર રીતે એકઝીકયુટ કરેલ છે. અને સદરહુ નોટરાઈઝડ વીલમા તેમના કહેવાથી તેમની હાજરીમા (૧) શ્રી મનીષભાઈ ચંદ્રકાન્તભાઈ દોષી તથા (૨) શ્રી વિશાલભાઈ દીનેશચંદ્ર દોશી બન્ને રહે. શકિત પ્લોટ શેરી નં.૧૦, મોરબી વાળાઓએ સાક્ષી તરીકે સહી કરી આપેલ છે. જે વીલમાં શ્રી રજનીકાંત રતીલાલ

સંઘવી એ તેમની સ્થાવર મિલ્કતો તેમના અવસાન બાદ કોને મળશે તેની વ્યવસ્થા તેમના વીલ યાને વસીયતનામા મા કરેલી છે. જે મુજબ **(એ)** સદર વીલમા જણાવેલ સ્થાવર મીલ્કતોમાંથી આંક-૧ ની અરજીના પેરા નં.૫ (એ) તથા (બી) મા જણાવ્યા મુજબની સ્થાવર મિલકત શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની પૌત્રવધુ અ.સૌ. નીધી રીપેન સંઘવી ને આપવાનુ ઠરાવેલ છે. **(બી)** સદર વીલમા જણાવેલ સ્થાવર મીલ્કતોમાંથી આંક-૧ ની અરજીના પેરા નં.૫ (સી) મા જણાવ્યા મુજબની સ્થાવર મિલકત શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમના પૌત્ર રીપેન આશીષભાઈ સંઘવી ને આપવાનુ ઠરાવેલ છે. **(સી)** સદર વીલમા જણાવેલ સ્થાવર મીલ્કતોમાંથી આંક-૧ ની અરજીના પેરા નં.૫ (ડી) થી (જી) મા જણાવ્યા મુજબ ની સ્થાવર મિલકત શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમના પુત્ર એટલેકે અરજદાર આશીષ રજનીકાંત સંઘવી ને આપવાનુ ઠરાવેલ છે.

૧.૫ અરજદારનુ વધુમા કથન છે કે, શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની જંગમ મિલ્કતો તેમના અવસાન બાદ કોને મળશે તેની વ્યવસ્થા તેમના વીલ યાને વસીયતનામા મા કરેલી છે જે મુજબ **(એ)** સદરહુ વીલમા જણાવેલ જંગમ મિલ્કતો માંથી આંક-૧ ની અરજીના પેરા-૬ (એ) તથા (બી) મા જણાવ્યા મુજબની જંગમ મિલ્કત શ્રી રજનીકાંત ભાઈ સંઘવીએ તેમની હૈયાતીમા જ વ્યવસ્થા કરી નાખેલી છે. **(બી)** સદરહુ વીલમા જણાવેલ જંગમ મિલકતોમાંથી આંક-૧ ની અરજીના પેરા - ૬ (સી) મા જણાવેલ જંગમ મિલ્કત મુજબ પી.પી.એફ. એકાઉન્ટ મા રહેલ તમામ રકમ શ્રી રજનીકાંત ભાઈ સંઘવીએ તેમના પુત્રવધુ અ.સૌ. ચેતના આશીષકુમાર સંઘવીને આપવાનુ ઠરાવેલ છે અને આ રકમમાંથી શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીના મોટા પુત્રી અ.સૌ. કેતનાબેન દ્વિજેશભાઈ શાહ, બીજા નંબરના પુત્રી અ.સૌ. દર્શાબેન નિલેશભાઈ વારીયા, નાના પુત્રી અ.સૌ. મીરાબેન સિધ્ધેશ ભાઈ જૈન તથા પૌત્રી શ્રી મતી અનેરી જીજ્ઞેશભાઈ શાહને દરેકને રૂા.૧,૦૦,૦૦૦/- આપવાનુ ઠરાવેલ છે અને તે અંગેની વ્યવસ્થા અરજદારે કરવાની છે. **(સી)** સદરહુ

વીલમા જણાવેલ જંગમ મિલ્કતોમાંથી આંક–૧ ની અરજી ના પેરા ૬(ડી) માં જણાવેલ જંગમ મિલ્કતને ગોલ્ડ પર્ચેજ એકાઉન્ટમા રહેલ રકમ રૂા.૧,૨૨,૭૦૦/– શ્રી રજનીકાંત ભાઈ સંઘવીએ તેમના પૌત્રવધુ અ.સૌ. નીધી રીપેન સંઘવીને મળે તેમ ઠરાવેલ છે. **(ડી)** સદરહુ વીલમાં જણાવેલ જંગમ મિલકતોમાંથી આંક–૧ ની અરજીના પેરા–૬ (ઈ) માં જણાવેલ જંગમ મિલ્કતમાંથી સોનાના દાગીના તથા આશરે ૧૫ કેરેટ ડાયમન્ડ શ્રી રજનીકાંત સંઘવીએ તેમના પુત્રવધુ અ.સૌ. ચેતના બેન આશીષકુમાર સંઘવીને આપવાનુ ઠરાવેલ છે.**(ઈ)** સદરહુ વીલમાં જણાવેલ જં ગમ મિલકતોમાંથી આંક–૧ ની અરજીના પેરા–૬ (એફ) માં જણાવેલ જંગમ મિલ્કતમાંથી જુદી જુદી કંપનીના મીચ્યુઅલ ફંડમા ઈન્વેસ્ટમેન્ટ કરેલ છે તે તમામ કંપનીના એકાઉન્ટમા રહેલ રકમ એકાઉન્ટમા સેકન્ડ હોલ્ડર તરીકે જે વારસદારનુ નામ છે તેમને આપવાનુ ઠરાવેલ છે અને જો સેકન્ડ હોલ્ડર તરીકેના વારસદાર હૈયાત ન હોય તો તે એકાઉન્ટમા રહેલ તમામ રકમ એકાઉન્ટમા ઠરાવેલ સેકન્ડ હોલ્ડર/નોમીની તરીકે આંક–૧ ની અરજીના પેરા–૬ (એફ) માં દર્શાવેલ ટેબલની વિગત મુજબના વારસદારને આપવાનુ ઠરાવેલ છે. **(એફ)** સદરહુ વીલમાં જણાવેલ જંગમ મિલકતોમાંથી આંક–૧ ની અરજીના પેરા–૬ (જી) (એચ)(આઈ)(જે) માં જણાવેલ જંગમ મિલ્કતો શ્રી રજનીકાંત સંઘવીએ તેમના વીલથી તેમની હૈયાતી બાદ તેમના પુત્ર એટલે કે અરજદાર આશીષ રજનીકાંત સંઘવીને મળે તેમ ઠરાવેલ છે.

<u>૧.૬</u> અરજદારનુ વધુમા કથન છે કે, શ્રી રજનીકાંત રતીલાલ સંઘવી એ તેમની હેયાતીમા પોતાની મિલ્કતનુ નોટરાઈઝ વીલ કરતાં, તેમનુ અવસાન થતા, તેમની સ્થાવર તથા જંગમ મિલ્કતોનો વ્યય ન થાય અને વીલમા જણાવ્યા મુજબ વ્યવસ્થા થાય તેથી સદરહુ વીલના લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ ધી વીલ એનેકસ્ડ મેળવવાની આવશ્યકતા ઉત્પન્ન થતા આ અરજીનુ કારણ ઉત્પન્ન થયેલ છે. અરજદારની તરફેણમાં લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન કાઢી આપ્યેથી અરજદાર વીલ મુજબ બેનીફીશરીઝ ને મિલ્કતની વહેંચણી કરી આપશે.

<u>૧.૭</u> અરજદારનુ વધુમા કથન છે કે, શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ વીલમા જણાવેલી મિલ્કતો પૈકી અમુક મિલ્કતો મોરબી મધ્યે આવેલી હોય અને ગુજરનાર મોરબી મુકામે રહેતા હોય અને તેમનુ અવસાન પણ મોરબી મુકામે થયેલુ હોય અને તેઓએ મોરબી મુકામે તેમનુ વીલ યાને વસીયતનામુ એકઝીકયુટ કરેલ હોય હાલની અરજી સાંભળવાની અને તેનો નિકાલ કરવાની નામ. અદાલતને હકુમત છે.

<u>૧.૮</u> ઉપરોકત હકીકત જણાવી અરજદારે એવી દાદ માગેલ છેકે મર્હુમ શ્રી રજનીકાંત રતીલા સંઘવીના વીલમા જણાવેલ સ્થાવર તથા જંગમ મિલકતના લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ ધી વીલ એનેકસ્ડ અરજદારની તરફેણમાં કાઢી આપવા યોગ્ય હુકમ કરવા તથા અરજીને આનુસંગીક યોગ્ય દાદ આપવા અરજ છે.

(૨) આ કામે અરજદારે સદરહુ અરજી દાખલ કરતાં આંક–૧ તળેના હુકમ મુજબ નાયબ કલેકટર,મોરબી તથા મામલતદાર મોરબી ને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલી છે. વધુમાં દિવ્ય ભાસ્કર દૈનિક સમાચાર પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલી છે. પરંતુ આ કામે સદરહુ અરજી સામે કોઈ વાંધો યા તકરાર રેકર્ડ ઉપર આવેલી નથી. આમ, સદરહુ અરજી બિનતકરારી રહેલી છે.

(૩) આ કામે અરજદારે તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

| અ.નં. | આંક | પુરાવાનુ વર્ણન |
|---|---|---|
| ૧ | ૬ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પુત્રી– કેતનાબેન વા./ઓ. દૃિજેશભાઈ શાહ નુ સોગંદનામુ |
| ૨ | ૭ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પુત્રી– દર્શાબેન વા./ઓ. નિલેશભાઈ વારીયાનુ સોગંદનામુ |
| ૩ | ૮ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પુત્રી– મીરાબેન વા./ઓ. સિધ્ધેશભાઈ જૈન નુ સોગંદનામુ |
| ૪ | ૯ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના પૌત્રી જમાઈ– જીગ્નેશ કુમાર ભરતભાઈ શાહ નુ સોગંદનામુ |
| ૫ | ૧૦ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના પૌત્ર– રીપેન સ./ઓ. આશીષભાઈ સંઘવી નુ સોગંદનામુ |

| | | |
|---|---|---|
| ૬ | ૧૧ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના પુત્રવધુ- ચેતનાબેન વા./ઓ. આશિષભાઈ સંઘવી નુ સોગંદનામુ |
| ૭ | ૧૨ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પૌત્રી- અનેરી વા./ઓ. જીજ્ઞેશભાઈ શાહ નુ સોગંદનામુ |
| ૮ | ૧૩ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પૌત્રવધુ- નિધીબેન વા./ઓ. રીપેન સંઘવી નુ સોગંદનામુ |
| ૯ | ૧૪ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના પુત્ર/અરજદાર- આશીષ રજનીકાંત સંઘવી નુ સોગંદનામુ |
| ૧૦ | ૧૫ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી એ કરેલા વીલ ના સાક્ષી- મનીષ ચંદ્રકાંતભાઈ દોશી નુ સોગંદનામુ |
| ૧૧ | ૧૬ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી એ કરેલા વીલ ના સાક્ષી- વિશાલ દિનેશચંદ્ર દોશી નુ સોગંદનામુ |
| ૧૨ | ૧૮ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી નુ મરણ નુ પ્રમાણ પત્ર |
| ૧૩ | ૧૯ | મર્હુમ રંજનબેન રજનીકાંત સંઘવીનુ મરણ નુ પ્રમાણ પત્ર |
| ૧૪ | ૨૦ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી નુ પેઢીનામુ |
| ૧૫ | ૨૧ | આશીષકુમાર રજનીકાંત સંઘવી-અરજદારનુ પેઢીનામુ |
| ૧૬ | ૨૨ | રીપેન આશીષકુમાર સંઘવી નુ પેઢીનામુ |
| ૧૭ | ૨૩ | ભાવનગર જીલ્લાના શિહોર તાલુકાના સોનગઢ ગામે પાલીતણા રોડ ઉપર આવેલ સોનગઢના સીમ સર્વે નં.૨૩૫ પૈકીની જમીનમાંના પ્લોટનં.૧૧ નો વેચાણ દસ્તાવેજ |
| ૧૮ | ૨૪ | મોજે સોનગઢ તા.શિહોર ના ગા મ નમુનાનં.૨ ના અ.નં.૧૧, ૧૨. |
| ૧૯ | ૨૫ | ભાવનગર જીલ્લાના શિહોર તાલુકાના સોનગઢ ગામે પાલીતણા રોડ ઉપર આવેલ સોનગઢના સીમ સર્વે નં.૨૩૫ પૈકીની જમીનમાંના પ્લોટનં.૧૨ નો વેચાણ દસ્તાવેજ |
| ૨૦ | ૨૬ | મોરબી તાલુકાના ત્રાજપર ગામના સર્વે નં.૭૪ પૈકીની જમીન માંના પ્લોટ નં.૩૦ નો વેચાણ દસ્તાવેજ |
| ૨૧ | ૨૭ | મોરબી તાલુકાના ત્રાજપર ગામના ગામ નમુનાનં.૬ હકક પત્રક નોંધ નં.૪૯૫૩ ની નકલ |
| ૨૨ | ૨૮ | મોરબી તાલુકાના ત્રાજપર ગામના સ.નં.૭૪ પ્લોટ નં.૩૦ નો ગામ નમુના નં.૭ અને ૧૨ |

| | | |
|---|---|---|
| ૨૩ | ૨૯ | મોરબી તાલુકાના ત્રાજપર ગામના ખાતા નં.૨૦૭૮ નો ગામ નમુનાનં.૮–અ |
| ૨૪ | ૩૦ | મોરબી માં આવેલ શકિત પ્લોટ શેરી નં.૮ માં આવેલ દુકાનો ઉપરની છત તથા છત ઉપર કરેલ બાંધકામ રવેશ સહીત તથા સીડી અને સીડી નીચેના ખાંચા તથા જમીન સહિતનો વેચાણ દસ્તાવેજ. |
| ૨૫ | ૩૧ | મોરબી ના સીટી સર્વે નં. ૧૯૬૮ નુ પ્રોપર્ટીકાર્ડ |
| ૨૬ | ૩૨ | મોરબીમાં આવેલ શકિત પ્લોટ શેરી નં.૮ માં આવેલ ખુલ્લી છત તથા રવેશ તથા સીડી નીચેના ખાંચાનો વેચાણ દસ્તાવેજ |
| ૨૭ | ૩૩ | મોરબી ના શકિત પ્લોટ શેરી નં.૪ માં આવેલી મજીયારી સ્થાવર મિલ્કત મકાનોની ભાયુભાગની વહેંચણીનો દસ્તાવેજ |
| ૨૮ | ૩૪ | મોરબી ના સીટી સર્વે નં.૧૯૩૩ નુ પ્રોપર્ટીકાર્ડ |
| ૨૯ | ૩૫ | સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ રતનપર મધ્યે પંચાયત હદમાં આવેલ સીમ સર્વે નં.૧૩૧/૧ ની જમીન માંના પ્લોટ નં.૧૭ થી ૨૪ તથા ૨૬ થી ૨૮ નો વેચાણ દસ્તાવેજ |
| ૩૦ | ૩૬ | સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ રતનપર ના સર્વે નં.૧૩૧/૧ પૈકી નો ગામ નમુનાનં.૭ અને ૧૨ |
| ૩૧ | ૩૭ | સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ રતનપર ના ખાતાનં.૪૨૫૪ ના ગામ નમુનાનં.૮–અ |
| ૩૨ | ૩૮ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીના બેંક ઓફ બરોડા મોરબી ના પીપીએફ એકાઉન્ટનુ લેઝર |
| ૩૩ | ૩૯ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી નુ ગોલ્ડ પરચેઝ એકાઉન્ટનુ લેઝર |
| ૩૪ | ૪૦ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીનુ એકસીસ મ્યુચ્યુલ ફંડનુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ |
| ૩૫ | ૪૧ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીનુ ડીએસપી મ્યુચ્યુલ ફંડનુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ |
| ૩૬ | ૪૨ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીનુ એચડીએફસી મ્યુચ્યુલ ફંડ નુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ |
| ૩૭ | ૪૩ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીનુ નીપ્પોન ઈન્ડીયા મ્યુચ્યુલ ફંડનુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ |

| | | |
|---|---|---|
| ૩૮ | ૪૪ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીના કેપીટલ ગેઈન્સ (મ્યુચ્યુલ ફંડ ઈકવીટી) નો ડીટેઈલ રીપોર્ટ |
| ૩૯ | ૪૫ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના એચડીએફસી બેંકના એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ |
| ૪૦ | ૪૬ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી નુ કેશ એકાઉન્ટ લેઝર |
| ૪૧ | ૪૭ | મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના એસકેએસઈ સીકયુરીટીઝ લી. માંના એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ |
| ૪૨ | ૪૮ | મર્હુમ રજનીકાંત રતીલલાલ સંઘવી એ કરેલુ વીલ યાને વસીયતનામુ |
| ૪૩ | ૪૯ | જાહેર નોટીસ પ્રસિધ્ધી અંગેનુ બીલ |
| ૪૪ | ૫૦ | દિવ્ય ભાસ્કર દૈનિક સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થયેલી જાહેર નોટીસ |

(૪) આ કામે અરજદાર તર્ફે આંક–૫૧ થી પુરાવો બંધ કરવા માટેની પુરસીસ રજુ કરેલી છે. આમ, અરજદાર તર્ફે ઉપરોકત પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ ન હોઈ તેમનો પુરાવો બંધ કરવામાં આવેલો છે. તે બાદ અરજદાર તર્ફે વિ.વ.શ્રી સી.ડી.કારીયા દવારા મૌખિક દલીલો કરવામાં આવેલી છે, જે સાંભળવામાં આવેલી છે. તેઓ તર્ફે અરજીની હકીકત મુજબની હકીકત જણાવેલી છે અને વધુમાં, જણાવેલુ છે કે, સદરહુ અરજી સંદર્ભે મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના અરજદાર સિવાયના તમામ વારસદારો તર્ફે કે અન્ય કોઈ ત્રાહિત ઈસમો કે સંસ્થા દવારા વાંધા રજુ થયેલ નથી. તે તમામ હકીકત અને સંજોગો જોતાં અરજદારની સદરહુ અરજી મંજુર કરી અરજદારે માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ છે.

(૫) આ કામે ઉપરોકત અરજદારની અરજીની હકીકત અને અરજદાર તર્ફે રજુ થયેલા તમામ પુરાવા ધ્યાને લીધા. આ કામે અરજદારે એવુ જણાવેલુ છે કે, તેમના પિતાશ્રી નુ નામ રજનીકાંત રતીલાલ સંઘવી છે અને તેમનુ તા.૨૧/૧૦/૨૦૨૪ નારોજ મોરબી મુકામે અવસાન થયેલુ છે તેના સમર્થનમાં અરજદારે આંક–૧૮ થી મરણનુ પ્રમાણ પત્ર રજુ કરેલુ છે. વધુમાં અરજદારે એવુ જણાવેલુ છે કે, તેમની માતાનું નામ રંજનબેન

રજનીકાંત સંઘવી છે. અને તેમનું તા.૨૨/૪/૨૦૧૨ નારોજ મોરબી મુકામે અવસાન થયેલુ છે તેના સમર્થનમાં અરજદારે આંક–૧૯ થી મરણનુ પ્રમાણપત્ર રજુ કરેલુ છે. વધુમાં, અરજદારે એવુ જણાવેલુ છે કે, તેમના પિતાશ્રી મર્હુમ રજનીકાંત સંઘવી ના સીધી લીટીના વારસદાર તરીકે (૧) સ્વ.રંજનબેન–પત્ની (૨) આશીષભાઈ–પુત્ર (૩) કેતનાબેન–પુત્રી (૪) દર્શાબેન–પુત્રી (૫) મીરાબેન–પુત્રી (૬) ચેતનાબેન–પુત્રવધુ (૭) રીપેન –પૌત્ર (૮) અનેરી–પૌત્રી (૯) જીજ્ઞેશકુમાર–પૌત્રી જમાઈ (૧૦) નીધીબેન– પૌત્રવધુ (૧૧) નિવાન–પ્રપૌત્ર (૧૨) પ્રિહાન–પ્રપૌત્ર છે. આ હકીકતના સમર્થનમાં ઉપરોકત મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી નુ આંક–૨૦ થી પેઢીનામુ તથા અરજદાર– આશીષ રજનીકાંત સંઘવી નુ આંક–૨૧ થી પેઢીનામુ તથા અરજદારના પુત્ર– રીપેન આશીષકુમાર સંઘવી નુ આંક–૨૨ થી પેઢીનામુ રજુ કરેલુ છે.આમ,આ પેઢીઆંબા જોતાં અરજદારે જે હકીકત મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીના વારસદારોની દર્શાવેલી છે તેને સમર્થન મળે છે. આ કામના અરજદાર મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીના સીધીલીટીના વારસદાર છે તેને સમર્થન મળે છે.

(૬) આ કામે અરજદાર તર્ફે મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પુત્રી– કેતનાબેન વા./ઓ. દ્રિજેશભાઈ શાહ નાએ આંક–૬ થી સોગંદનામુ, મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પુત્રી– દર્શાબેન વા./ઓ. નિલેશભાઈ વારીયા નાએ આંક'–૭ થી સોગંદનામુ, મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પુત્રી– મીરાબેન વા./ઓ. સિધ્ધેશભાઈ જૈન નાએ આંક–૮ થી સોગંદનામુ, મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના પૌત્રી જમાઈ– જીગ્નેશકુમાર ભરતભાઈ શાહ નાએ આંક–૯ થી સોગંદનામુ, મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના પૌત્ર– રીપેન સ./ઓ.આશીષભાઈ સંઘવી નાએ આંક–૧૦ થી સોગંદનામુ, મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના પુત્રવધુ– ચેતનાબેન વા./ઓ. આશિષભાઈ સંઘવી નાએ આંક–૧૧ થી સોગંદનામુ,મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પૌત્રી– અનેરીબેન વા./ઓ. જીજ્ઞેશભાઈ શાહ

નાએ આંક–૧૨ થી સોગંદનામુ,મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની પૌત્રવધુ– નિધીબેન વા./ઓ. રીપેન સંઘવી નાએ આંક–૧૩ થી સોગંદનામુ રજુ કરેલુ છે. આ તમામ વારસદારોના સોગંદનામા જોતાં તેઓએ અરજદારની અરજીની હકીકતને સમર્થન કરેલુ છે. તેઓએ સ્પષ્ટ જણાવેલુ છે કે, રજનીકાંત રતીલાલ સંઘવી તેમની હયાતીમાં વીલ કરીને ગયેલા હોઈ અને તેમની સ્થાવર તેમજ જંગમ મિલ્કતનો વીલ મુજબ અમલ કરાવવા માટે અરજદાર આશીષ રજનીકાંત સંઘવી એ તે મિલ્કતનુ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વિથ ધી વીલ મેળવવા માટે નામ.કોર્ટમાં અરજી કરેલી છે તે અરજી મંજુર થવા સામે તેમનો લેશમાત્ર વાંધો અગર તકરાર નથી અને અરજી મંજુર થાય તેમાં તેમનો સંપુર્ણ સહકાર અને સંમતિ છે.

(૭) આ કામે મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ના પુત્ર/અરજદાર– આશીષ રજનીકાંત સંઘવી નાએ આંક–૧૪ થી સોગંદનામુ રજુ કરી અરજીની હકીકતને સમર્થનરૂપ હકીકત જણાવેલી છે.

(૮) આ કામે અરજદારે એવી હકીકત જણાવેલી છે કે, તેમના પિતા રજનીકાંત રતીલાલ સંઘવીનુ અવસાન તા.૨૧/૧૦/૨૦૨૪ ના રોજ મોરબી મુકામે અવસાન પામેલા છે અને તેમની માતા રંજનબેન રજનીકાંત સંઘવી નુ અવસાન તા.૨૨/૪/૨૦૧૨ ના રોજ મોરબી મુકામે અવસાન પામેલા છે અને તેમના પિતાએ તેમની હૈયાતીમાં તેમની સ્થાવર તથા જંગમ મિલ્કતો કે જે મુળ અરજી આંક–૧ માંના પેરા–૫ અને ૬ માં જણાવેલી છે તે અંગે વસીયતનામુ સાક્ષીઓ રુબરુ મોરબી મુકામે નોટરી સમક્ષ તા. ૩/૪/૨૦૨૩ ના રોજ ધોરણસર રીતે એકઝીકયુટ કરેલુ છે. આ વીલ યાને વસીયતનામુ આ કામે આંક–૪૮ થી રજુ થયેલુ છે. વધુમાં, સદરહુ મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી એ કરેલા વીલ યાને વસીયતનામાના સાક્ષી– મનીષ ચંદ્રકાંતભાઈ દોશી નાએ આંક–૧૫ થી સોગંદનામુ તથા બીજા સાક્ષી– વિશાલ દિનેશચંદ્ર દોશી નાએ આંક–૧૬ થી સોગંદનામુ રજુ કરેલુ છે અને તેઓએ આંક–૪૮ થી રજુ થયેલા

વીલ યાને વસીયતનામાની હકીકતને સમર્થન કરેલુ છે અને પોતાની સહીઓ ઓળખી બતાવેલી છે.

(૯) અરજદાર તર્ફે રજુઆત છે કે ગુજરનાર રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની હૈયાતી દરમ્યાન તેમની સ્વતંત્ર આવકમાંથી સ્થાવર તથા જંગમ મિલ્કતો ખરીદ કરેલી છે. જેમાં ભાવનગર જીલ્લાના સિંહોર તાલુકાના ગામ સોનગઢ ગામે પાલીતાણા રોડ પર આવેલ સોનગઢના સીમ સર્વે નં.૨૩૫ પૈકીની જમીનમાં રહેણાંકના હેતુ માટેના પ્લોટો આવેલ છે. જે શ્રી ગુણોદય નગર થી ઓળખાય છે. જે પ્લોટો પૈકીના પ્લોટ નં.૧૧ ક્ષેત્રફળ ૧૭૩.૮૫ ચો.મી. થાય છે. તે મિલ્કત શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીએ રજી.વે.દ.અનુ.નં. ૧ થી તા.૧/૧/૨૦૦૯ થી વેચાણ રાખેલ છે. જે પ્લોટની પુર્વે પ્લોટ નં.૧૨ આવેલ છે અને તે તરફનું ઉતર–દક્ષિણ માપ ૧૯ મીટર છે.તેમજ આ પ્લોટની પશ્ચિમે પ્લોટ નં.૧૦ આવેલ છે અને તે તરફનું ઉતર–દક્ષિણ માપ ૧૯ મીટર છે. તેમજ આ પ્લોટની ઉતરે લાગુ સર્વે નં.૨૩૪ પૈકીની બીન ખેડાણ જમીન આવેલી છે અને તે તરફનું પુર્વ–પશ્ચિમ માપ ૯.૧૫ મીટર છે. તેમજ આ પ્લોટની દક્ષિણે આંતરીક રસ્તો આવેલો છે અને તે તરફનું પુર્વ–પશ્ચિમ માપ ૯.૧૫ મીટર છે. આ પ્લોટ નં.૧૧ ના વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં.૨ માં નોં ધ નં.૧૧ થી કરવામા આવેલી છે. અને તે મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા. ૩,૦૦,૦૦૦/– થાય છે. તેજ રીતે ભાવનગર જીલ્લાના સિંહોર તાલુકાના ગામ સોનગઢ ગામે પાલીતાણા રોડ પર આવેલ સોનગઢના સીમ સર્વે નં.૨૩૫ પૈકીની જમીનમાં રહેણાંકના હેતુ માટેના પ્લોટો આવેલ છે. જે શ્રી ગુણોદય નગર થી ઓળખાય છે. જે પ્લોટો પૈકીના પ્લોટ નં.૧૨ ક્ષેત્રફળ ૧૭૩.૮૫ ચો.મી. થાય છે. તે મિલ્કત શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીએ રજી.વે.દ.અનુ.નં. ૨ થી તા.૧/૧ /૨૦૦૯ થી વેચાણ રાખેલ છે. જે પ્લોટની પુર્વે પ્લોટ નં.૧૩ આવેલ છે અને તે તરફ નુ ઉતર–દક્ષિણ માપ ૧૯ મીટર છે. તેમજ આ પ્લોટની પશ્ચિમે પ્લોટ નં.૧૧ આવેલ છે અને તે તરફનું ઉતર–દક્ષિણ માપ ૧૯ મીટર છે. તેમજ આ પ્લોટની ઉત્તરે લાગુ

સર્વે નં.૨૩૭ પૈકીની બીન ખેડાણ જમીન આવેલી છે અને તે તરફનું પુર્વ–પશ્ચિમ માપ ૯.૧૫ મીટર છે. તેમજ આ પ્લોટની દક્ષિણે આંતરીક રસ્તો આવેલો છે અને તે તરફનુ પુર્વ–પશ્ચિમ માપ ૯.૧૫ મીટર છે. આ પ્લોટ નં.૧૨ ના વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નં.૨ માં નોંધ નં.૧૨ થી કરવામા આવેલી છે અને તે મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.૩,૦૦,૦૦૦/– થાય છે. તેજ રીતે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટીકટ તેમજ તાલુકા મોરબીના ગામ ત્રાજપરના સર્વે નં. ૭૪ પૈકીની જમીન રહેણાકના હેતુ માટે બીનખેતીમાં ફેરવાયેલ છે. જે સુર્યકીર્તિ નગર – ૨ ના નામે ઓળખાય છે. તેમાં પ્લોટો પાડવામા આવેલ છે તે પ્લોટો પૈકીના પ્લોટ નં.૩૦ ની ખુલ્લી જમીન ક્ષેત્રફળ ૧૩૫૦ ચો. ફુટ જેના ચો.મી.૧૨૫.૪૧ છે. તે મિલ્કત રજનીકાંત રતીલાલ સંઘવીએ વેચાણ રાખતા તે વેચાણ દ.અનુ.નં. ૧૧૪૪૨ થી તા.૧૨/૯/૨૦૧૮ નારોજ નોંધાયેલ છે. તે પ્લોટની પુર્વે લાગુ પ્લોટ નં. ૨૯ની જમીન આવેલી છે અને તે તરફનું માપ ૫૦ ફુટ છે. તેમજ આ પ્લોટની પશ્ચિમે લાગુ પ્લોટ નં.૩૧ ની જમીન આવેલી છે અને તે તરફનું માપ ૫૦ ફુટ છે. તેમજ આ પ્લોટની ઉતરે લાગુ પ્લોટ નં.૪૯ ની જમીન આવેલી છે અને તે તરફનું માપ ૨૭ ફુટ છે. તેમજ આ પ્લોટની દક્ષિણે આ બીન ખેતીની જમીનનો ૨૦ ફુટનો રસ્તો આવેલો છે અને તે તરફનું માપ ૨૭ ફુટ છે. આ પ્લોટ ત્રાજપરના રેવન્યુ રેકર્ડમાં ગામ નમુનાનં.૬ ના હકક પત્રકમાં નોંધ નં.૪૯૫૩ થી નોંધાયેલ છે અને તે મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.૫,૫૦,૦૦૦/– છે. તેજ રીતે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા મોરબી, શહેર મોરબીમાં શકિત પ્લોટ શેરી નં.૮ માં આવેલ દુકાનો ઉપરની ખુલ્લી છત તથા છત ઉપર કરેલ બાંધકામ રવેશ સહિત તથા સીડી નીચેના ખાંચા તથા જમીન સહીતની શ્રી રજનીકાંત રતીલાલભાઈ સંઘવીએ વેચાણ દ.અ.નં. ૫૨૨૯ તા.૩૧–૦૩–૨૦૦૮ થી વેચાણ રાખેલી છે. જેની જમીનનુ ક્ષેત્રફળ ૫–૪૩ ચો.મી. છે. છત તથા રવેશ સહિત ક્ષેત્રફળ ૧૪૯.૪૦ ચો.મી. છે તથા સીડી ક્ષેત્રફળ ૫.૪૩ ચો.મી. છે. તેમ કુલ બાંધકામ ૧૫૪.૮૩ ચો.મી. છે

અને બાંધકામનુ વર્ષ ૧૯૯૨ છે. આ મિલ્કત મોરબી સીટી સર્વે કચેરીમાં શીટ નં.૨૦૩ થી ચાલતા નં.૪૦ તથા સર્વે નં.૧૯૬૮ પૈકીથી નોંધાયેલ છે. જેની પુર્વ તરફ વનેચંદ ગોપાલજીની જગ્યા છે. તેમજ પશ્ચિમ તરફ શકિત પ્લોટ શેરી નં.૮ ની જગ્યા છે. તેમજ ઉત્તર તરફ શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીએ ખરીદ કરેલ છત તથા ઓફીસ આવેલ છે. તેમજ દક્ષિણ તરફ સુખલાલ વલ્લભદાસની જગ્યા આવેલ છે. સદરહુ વેચાણ અંગેની નોંધ મોરબી સીટી સર્વે કચેરીમાં નોંધ નં.૩૦૦૦ થી દાખલ થયેલી છે. જે તા.૧૮/૮/૨૦૦૮ ના રોજ પ્રમાણિત થયેલી છે અને સદરહુ મિલ્કત ની વેલ્યુએશન આશરે રૂા.૭,૫૦,૦૦૦/– છે. તેજ રીતે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા મોરબી શહેર મોરબીમાં શકિત પ્લોટ શેરી નં.૮ માં આવેલી ખુલ્લી છત તથા રવેશ સહીત તથા સીડી નીચેના ખાંચાવાળી મિલ્કત શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવીએ રજી.વે.દ.અ.નં. ૧૫૦૮ તા.૬/૫/૧૯૯૫ થી વેચાણ રાખેલ છે. જેની છત તથા રવેશ સહિત ક્ષેત્રફળ ૧૩૦.૨૦ ચો.મી. તથા સીડી ક્ષેત્રફળ ૪.૨૮ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૧૩૪.૪૮ ચો.મી છે. આ મિલ્કત મોરબી સીટી કચેરીમાં શીટ નં. ૨૦૩ થી ચાલતા ૪૦ તથા સર્વે નં.૧૯૬૮ પૈકીથી નોંધાયેલ છે. જેની પુર્વ તરફ વનેચંદ ગોપાલજીની જગ્યા છે. તેમજ પશ્ચિમ તરફ શકિત પ્લોટ શેરી નં.૮ ની જગ્યા છે. તેમજ ઉત્તર તરફ ડો.ભાલોડીયાની હોસ્પીટલ આવેલી છે. તેમજ દક્ષિણ તરફ શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીની માલીકી ની છતની જગ્યા આવેલી છે. સદરહુ વેચાણ અંગેની નોંધ મોરબી સીટી સર્વે કચેરીમાં નોંધ નં.૧૪૮૪૦ થી દાખલ થયેલી છે. જે તા.૭/૭/૨૦૨૨ ના રોજ પ્રમાણિત થયેલી છે અને સદરહુ મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.૬,૫૦,૦૦૦/– છે. તેજ રીતે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ,સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા મોરબી, શહેર મોરબીમાં શકિત પ્લોટ શેરી નં.૪ માં આવેલ રહેણાંક મકાન જેનુ ક્ષેત્રફળ ચો.ફુટ ૩૯૦૦ જેના ચો.મી. ૩૬૨.૩૨૨ તથા બાંધકામ ચો.ફુટ ૩૦૦૬.૬૦ જેના ચો.મી. ૨૭૯.૩૨૨ છે. જે મકાન શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવી તથા તેમના ભાઈ શ્રી ઈન્દુલાલ

રતીલાલ સંઘવીની સંયુકત માલીકીનુ આવેલ છે જે મકાન પરત્વે બંને ભાઈઓ વચ્ચે ભાઈઓ ભાગની વહેંચણી થતાં મકાન માંહેથી દક્ષિણ તરફનો અડધો ભાગ જેમાં બે ઓરડા, ઓસરી,રસોડુ, બાથરૂમ, સંડાસ તથા આગળ પાછળનુ ફળીયુ એમ કુલ જમીન ચો.મી. ૧૮૧.૧૬૧ તથા તેના ઉપરનુ બાંધકામ ચો.મી.૧૩૯.૬૬૧ વાળો ભાગ શ્રી રજનીકાંત રતીલાલ સંઘવી ના ભાગમાં આવેલ. આ મિલ્કતનો ભાઈઓ ભાગની વહેંચણી દસ્તાવેજ મોરબી સબ રજીસ્ટ્રાર કચેરીમાં અ.નં.૭૨૩૮ થી તા.૯/૭/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે. સદરહુ મિલ્કત મોરબી સીટી સર્વે કચેરીમાં વોર્ડ નં. ૩, સીટ નં.૨૦૩ તથા સીટી સર્વે નં.૧૯૩૩ થી નોંધાયેલ છે. જેમાં શ્રી રજનીકાંતભાઈ ના ભાગમાં આવેલી મિલ્કતની પુર્વ તરફ શકિત પ્લોટ શેરી નં.૪ છે. તેમજ પશ્ચિમ તરફ નિખિલકુમાર ઈન્દુલાલ ની જગ્યા આવેલી છે. તેમજ ઉત્તર તરફ નિખિલકુમાર ઈન્દુલાલ ની જગ્યા આવેલી છે. તેમજ દક્ષિણ તરફ મહેતા રતીલાલ ખીમચંદનુ મકાન આવેલુ છે. સદરહુ વહેંચણી દસ્તાવેજ અંગેની નોંધ મોરબી સીટી સર્વે કચેરીમાં નોંધ નં.૧૩૭૬૭ થી દાખલ થયેલી છે. જે તા.૨/૭/૨૦૨૧ ના રોજ પ્રમાણિત થયેલી છે. તેજ રીતે સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ રતનપર મધ્યે પંચાયત હદમાં આવેલ રતનપર સીમ સર્વે નં.૧૩૧/૧ ની જમીન એકર ૧–૧૪ ગુંઠા જેના ચો.મી.૫૪૬૩.૦૦ ના માપની બિનખેતી થયેલી જમીનના પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૭ થી ૨૪ તથા ૨૬ થી ૨૮ ની મળી કુલ ખુલ્લી જમીન ચોરસ વાર ૧૨૫૪.૩૩ જેના ચો.મી.૧૦૪૮.૮૦ વાળી શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવીએ રજી.વે.દ.અ. નં.૬૮૦૯, તા.૨૯/૧૦/૨૦૧૦ થી વેચાણ રાખેલ જે માંહેથી પ્લોટ નં.૧૭ થી ૨૧ તથા પ્લોટ નં.૨૪ વાળા પ્લોટસ શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવીએ તેમની હયાતીમાં વેચાણ કરી નાખેલ છે અને બાકીના પ્લોટ નં.૨૨,૨૩ ૨૬,૨૭,૨૮ વાળા શ્રી રજનીકાંતભાઈ રતીલાલભાઈ સંઘવી ની સ્વતંત્ર માલીકીના આવેલા છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૨, ચો.વાર ૧૦૦.૪૬, ચો.મી. ૮૪.૦૦ ની પુર્વ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૧૦ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર

૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મી. પહોળો રસ્તો છે. તેમજ ઉત્તર તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૧ આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૩ આવેલો છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૩, ચો.વાર ૧૦૦.૪૬, ચો.મી. ૮૪.૦૦ ની પુર્વ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૯ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મી. પહોળો રસ્તો છે. તેમજ ઉત્તર તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૨ આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં લાગુ રે.સ.નં. ૧૩૦/૧ આવેલ છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૬, ચો.વાર ૧૦૭.૬૪, ચો.મી. ૯૦.૦૦ ની પુર્વ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૪ તથા ૨૫ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૭ આવેલ છે. તેમજ ઉત્તર તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મીટર પહોળો રસ્તો આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૧૪.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં લાગુ રે.સ.નં.૧૩૦/૧ આવેલ છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૭, ચો.વાર ૧૦૭.૬૪, ચો.મી. ૯૦.૦૦ ની પુર્વ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૬ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટનં.૨૮ આવેલ છે. તેમજ ઉત્તર તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મીટર પહોળો રસ્તો આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં લાગુ રે.સ.નં. ૧૩૦/૧ આવેલ છે. જે પ્લોટ પૈકી પ્લોટનં.૨૮, ચો.વાર ૧૦૭.૬૪, ચો.મી. ૯૦.૦૦ ની પુર્વ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટ નં.૨૭ આવેલ છે. તેમજ પશ્ચિમ તરફ મીટર ૧૫.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં પ્લોટનં. ૨૯ આવેલ છે. તેમજ ઉત્તર તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા તે દિશામાં ૬.૦૦ મીટર પહોળો રસ્તો આવેલો છે. તેમજ દક્ષિણ તરફ મીટર ૬.૦૦ ના આશરે માપે તથા

તે દિશામાં લાગુ રે.સ.નં. ૧૩૦/૧ આવેલ છે. સદરહુ વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે. જે ગામ નમુનાનં.૭–૧૨ તથા ૮–અ માં દાખલ થયેલ છે. સદરહુ મિલ્કતની વેલ્યુએશન આશરે રૂા.૨૦,૦૦,૦૦૦/– થાય છે. આ તમામ હકીકતને આંક–૨૩ થી આંક–૩૭ દવારા રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા વીલ યાને વસીયતનામાથી સમર્થન પ્રાપ્ત થાય છ.

(૧૦) અરજદાર તર્ફે રજુઆત છે કે ગુજરનાર રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની હૈયાતી દરમ્યાન તેમની આવકમાંથી જંગમ મિલ્કતો ખરીદ કરેલી છે. જેમાં મોરબી પોસ્ટ ઓફીસમાં શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીનુ બચતખાતુ આવેલુ છે તે તમામ રકમ તથા મોરબી પોસ્ટ ઓફીસમાં શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીના નામના રહેલ નેશનલ સેવીંગ સર્ટીફીકેટસની પાકતી મુદતે જે કાંઈ રકમ હોય તે તમામ રકમ તથા શ્રી રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીના નામનુ બેંક ઓફ બરોડામાં પી.પી. એફ. એકાઉન્ટ નં.૧૭૯ આવેલ છે તેમાં પડેલ તમામ રકમ તથા રજનીકાંતભાઈ રતીલાલ સંઘવીના તેમના ગોલ્ડ પરચેઝ એકાઉન્ટમાં રહેલ રૂા.૧,૨૨,૭૦૦/– તથા રજનીકાંતભાઈ સંઘવી એ તેમની હયાતી દરમ્યાન તેમની બચતમાંથી વખતો વખત ખરીદ કરેલ તથા પ્રસંગોપાત મળેલ ભેટ સોગાદોમાંથી અંદાજે ૧૦૦૦ ગ્રામ સોનાના દાગીના તેમજ આશરે ૧૫ કેરેટ ડાયમંડ છે તે દાગીના તથા ડાયમંડ તથા શ્રી રજની કાંત સંઘવીએ જુદી જુદી કંપનીના મીચ્યુઅલ કંપનીમા રોકાણ કરેલ છે. જેમાં એકસીસ મીચ્યુઅલ ફંડ એકાઉન્ટ નં.૯૧૦૫૩૮૩૭૭૪૫ જેમાં જોઈન્ટ હોલ્ડરનું નામ રીપેન આશીષકુમાર સંઘવી અને નોમીની નું નામ અનેરી ડો/ઓ આશીષકુમાર સંઘવી છે. તેમજ ડી.એસ.પી.મીચ્યુઅલ ફંડ એકાઉન્ટ નં.૭૦૦૦૨૨૮૯ જેમાં નોમીનીનું નામ રીપેન આશીષકુમાર સંઘવી છે. તેમજ એચ.ડી.એફ.સી. મીચ્યુઅલ ફંડ એકાઉન્ટ નં.૧૦૬૪૬૪૬૨/૯૫ જેમાં જોઈન્ટ હોલ્ડરનું નામ આશીષકુમાર રજનીકાંત સંઘવી અને નોમીનીનું નામ રીપેન આશીષકુમાર સંઘવી છે. તેમજ નીપ્પોન ઈન્ડીયા મીચ્યુઅલ ફંડ એકાઉન્ટ નં.૪૧૩૮૬૧૪૪૦૬૫ જેમાં જોઈન્ટ

હાલ્ડરનું નામ આશીષકુમાર રજનીકુમાર સંઘવી છે. જે મુજબ ગુજ.રજનીકાંત રતીલાલ સંઘવીના તા.૩૧/૩/૨૫ સુધીના તેમના કેપીટલ ગેઈન્સ (મીચ્યુઅલ ફંડ ઈકવીટી) ના એકાઉન્ટ સ્ટેટમેન્ટ મુજબ જમા રહેલ તમામ રકમ તથા શ્રી રજની કાંત સંઘવીનુ એચ.ડી.એફ.સી. બેન્ક મોરબી શાખામા બચત ખાતુ આવેલ છે જેનો નં.૦૩૦૭૧૦૦૦૦૧૩૮૯૬ છે તેમાં રહેલી તમામ રકમ તથા શ્રી રજનીકાંત સંઘવી એ તેમની હૈયાતી સુધી તેમની પાસે રહેલ બેન્કમાં તથા ઘરમાં કાઈ રોકડ રકમ હોય તે તેમની હૈયાતી બાદની આવેલ તમામ રોકડ રકમ તથા શ્રી રજનીકાંત સંઘવીના નામનુ એસકેએસઈ સીકયુરીટીઝ લીમીટેડનુ ડીમેટ એકાઉન્ટ આવેલ છે. જેના એકાઉન્ટ નં.૧૨૦૧૮૦૦૦૦૦૩૬૪૮૬૨ છે. તે ડીમેટ એકાઉન્ટમા તેમના નામના જે કાંઈ શેર સ્ટોક હોય તે તમામ તથા ઉપર જણાવ્યા સીવાયની ગુજ.રજનીકાંત રતીલાલ સંઘવીની હૈયાતી બાદ તેમના નામે જે કાંઈ જંગમ મિલ્કત મળી આવે તે તમામ છે. આ તમામ હકીકતને આંક-૩૮ થી આંક-૪૭ દવારા રજુ થયેલા દસ્તાવેજી પુરાવા તથા વીલ યાને વસીયતનામાથી સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૧૧)** વધુમાં,અરજદાર તર્ફે રજુઆત છે કે, તેમના પિતાશ્રી મર્હુમ શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની સ્થાવર મિલ્કતો તેમના અવસાન બાદ કોને મળશે તેની વ્યવસ્થા તેમના વીલ યાને વસીયતનામા મા કરેલી છે. જે મુજબ સદર વીલમા જણાવેલ સ્થાવર મીલ્કતોમાંથી આંક-૧ ની અરજીના પેરા નં.૫ (એ) તથા (બી) મા જણાવ્યા મુજબની સ્થાવર મિલકત શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની પૌત્રવધુ અ.સૌ. નીધી રીપેન સંઘવી ને આપવાનુ ઠરાવેલ છે. તેમજ સદર વીલમા જણાવેલ સ્થાવર મીલ્કતોમાંથી આંક-૧ ની અરજીના પેરા નં.૫ (સી) મા જણાવ્યા મુજબની સ્થાવર મિલકત શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમના પૌત્ર રીપેન આશીષભાઈ સંઘવી ને આપવાનુ ઠરાવેલ છે. તેમજ સદર વીલમા જણાવેલ સ્થાવર મીલ્કતોમાંથી આંક-૧ ની અરજીના પેરા નં.૫ (ડી) થી (જી) મા જણાવ્યા મુજબની સ્થાવર મિલકત શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમના પુત્ર એટલેકે, અરજદાર

આશિષ રજનીકાંત સંઘવી ને આપવાનુ ઠરાવેલ છે. વધુમાં, અરજદાર તર્ફે એવી પણ રજુઆત છે કે, તેમના પિતા મર્હુમ શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીએ તેમની જંગમ મિલ્કતો તેમના અવસાન બાદ કોને મળશે તેની વ્યવસ્થા પણ તેમના વીલ યાને વસીયતનામામાં કરેલી છે જે મુજબ સદરહુ વીલમા જણાવેલ જંગમ મિલ્કતો માં થી આંક–૧ ની અરજીના પેરા–૬ (એ) તથા (બી) મા જણાવ્યા મુજબની જંગમ મિલ્કત શ્રી રજનીકાંત ભાઈ સંઘવીએ તેમની હૈયાતીમા જ વ્યવસ્થા કરી નાખેલી છે. તેમજ સદરહુ વીલમા જણાવેલ જંગમ મિલકતોમાંથી આંક–૧ ની અરજીના પેરા – ૬ (સી) મા જણાવેલ જંગમ મિલ્કત મુજબ પી.પી.એફ. એકાઉન્ટ મા રહેલ તમામ રકમ શ્રી રજનીકાંતભાઈ સંઘવીએ તેમના પુત્રવધુ અ.સૌ. ચેતના આશીષકુમાર સંઘવી ને આપવાનુ ઠરાવેલ છે અને આ રકમમાંથી શ્રી રજનીકાંત રતીલાલ સંઘવીના મોટા પુત્રી અ.સૌ. કેતનાબેન દ્વિજેશભાઈ શાહ, બીજા નંબરના પુત્રી અ.સૌ. દર્શાબેન નિલેશભાઈ વારીયા, નાના પુત્રી અ.સૌ. મીરાબેન સિધ્ધેશભાઈ જૈન તથા પૌત્રી શ્રીમતી અનેરી જીજ્ઞેશભાઈ શાહને દરેકને રૂા.૧,૦૦,૦૦૦/– આપવાનુ ઠરાવેલ છે અને તે અંગેની વ્યવસ્થા અરજદારે કરવાની છે.તેમજ સદરહુ વીલમા જણાવેલ જંગમ મિલ્કતોમાંથી આંક–૧ ની અરજી ના પેરા ૬(ડી) માં જણાવેલ જંગમ મિલ્કત તે ગોલ્ડ પર્ચેજ એકાઉન્ટમા રહેલ રકમ રૂા.૧,૨૨,૭૦૦/– શ્રી રજનીકાંતભાઈ સંઘવીએ તેમના પૌત્રવધુ અ.સૌ. નીધી રીપેન સંઘવીને મળે તેમ ઠરાવેલ છે. તેમજ સદરહુ વીલમાં જણાવેલ જંગમ મિલકતોમાંથી આંક–૧ ની અરજીના પેરા–૬ (ઈ) માં જણાવેલ જંગમ મિલ્કતમાંથી સોનાના દાગીના તથા આશરે ૧૫ કેરેટ ડાયમન્ડ શ્રી રજનીકાંત સંઘવીએ તેમના પુત્રવધુ અ.સૌ. ચેતનાબેન આશીષકુમાર સંઘવી ને આપવાનુ ઠરાવેલ છે.તેમજ સદરહુ વીલમાં જણાવેલ જંગમ મિલકતોમાંથી આંક–૧ ની અરજીના પેરા–૬ (એફ) માં જણાવેલ જંગમ મિલ્કતમાંથી જુદી જુદી કંપનીના મીચ્યુઅલ ફંડમા ઈન્વેસ્ટમેન્ટ કરેલ છે તે તમામ કંપનીના એકાઉન્ટમા રહેલ રકમ એકાઉન્ટમા સેકન્ડ હોલ્ડર તરીકે જે વારસદારનુ નામ છે તેમને આપવાનુ ઠરાવેલ

છે અને જો સેકન્ડ હોલ્ડર તરીકેના વારસદાર હૈયાત ન હોય તો તે એકાઉન્ટમા રહેલ તમામ રકમ એકાઉન્ટમા ઠરાવેલ સેકન્ડ હોલ્ડર/નોમીની તરીકે આંક–૧ ની અરજીના પેરા–૬ (એફ) માં દર્શાવેલ ટેબલની વિગત મુજબના વારસદારને આપવાનુ ઠરાવેલ છે. તેમજ સદરહુ વીલમાં જણાવેલ જંગમ મિલકતોમાંથી આંક–૧ ની અરજીના પેરા–૬ (જી)(એચ)(આઈ)(જે) માં જણાવેલ જંગમ મિલ્કતો શ્રી રજનીકાંત સંઘવીએ તેમના વીલથી તેમની હૈયાતી બાદ તેમના પુત્ર એટલેકે, અરજદાર આશીષ રજનીકાંત સંઘવીને મળે તેમ ઠરાવેલ છે. આ તમામ હકીકત ને આંક–૪૮ થી રજુ થયેલા વીલની હકીકતથી સમર્થન મળે છે. વધુમાં, વીલ મુજબ અને અરજદારે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા તથા અરજદાર તથા મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવીના અન્ય વારસદારોના સોગંદનામા જોતાં વીલમાં જણાવેલી મિલ્કત મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી તેમની હયાતી દરમ્યાન માલીકી અને કબજા ભોગવટામાં ધરાવતા હતા તેવુ પ્રથમ દર્શનીય જણાય છે. આ કામે સદરહુ હકીકતથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. આ અરજી સંદર્ભે કોઈ વાંધા યા તકરાર પણ રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૨)** આ કામે ઉપરોકત તમામ હકીકત અને સંજોગો જોતાં શ્રી રજનીકાંત રતીલાલ સંઘવી એ તેમની હેયાતીમા પોતાની મિલ્કતનુ નોટરાઈઝ વીલ કરેલુ છે અને તે બાદ તેમનુ અવસાન થયેલુ છે. તેવા સંજોગોમાં તેમની સ્થાવર તથા જંગમ મિલ્કતોનો વ્યય ન થાય અને વીલમા જણાવ્યા મુજબ વ્યવસ્થા થાય અને બેનીફીશરીઝને તેનો હકક હિસ્સો મળે તેથી સદરહુ વીલના લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ ધી વીલ એનેકસ્ડ અરજદારને આપવુ વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

**(૧)** અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદારે મહત્તમ કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી, રહે. શકિત પ્લોટ, શેરી નં.૪,કુંદામૃત, મોરબી, જી.મોરબી ની સ્થાવર તથા જંગમ મિલ્કત કે જે અરજદારની અરજી તથા સંલગ્ન શીડયુલ તથા આંક–૪૮ થી રજુ કરેલા વીલમાં જણાવેલી છે તે બાબતે અરજદાર–શ્રી આશીષ રજનીકાંત સંઘવી, ઉં.વ.આ.૫૮, ધંધો–વેપાર, રહે. શકિત પ્લોટ,મોરબી,જી.મોરબી ની તરફેણમાં લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ વીલ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદારે આ હુકમની તારીખથી ૬૦(સાઈઠ) દિવસની અંદર અરજીમાં જણાવ્યા મુજબ અને આ અરજી સાથે સંલગ્ન શીડયુલ તથા આંક–૪૮ થી રજુ કરેલા વીલમાં માં જણાવ્યા મુજબ મર્હુમ રજનીકાંત રતીલાલ સંઘવી ની મિલ્કતોના વહીવટકર્તા તરીકે તેમના દવારા કરવામાં આવેલી પ્રવૃત્તિની જાણ કરવી.

(૪) અરજદારે તેમની અરજીમાં અને આ અરજી સાથે સંલગ્ન શીડયુલ તથા આંક–૪૮ થી રજુ કરેલા વીલમાં દર્શાવેલી મિલ્કતના બજાર મુલ્ય જેટલી રકમનો બોન્ડ રજુ કરવાનો રહેશે અને જે જરૂરી સ્ટેમ્પ પેપર પરની જોગવાઈઓ અને ઈન્ડીયન સકસેશન એકટ દવારા પુરી પાડવામાં આવેલ સમાન રકમની જામીનગીરી મુજબ હશે.

(૫) જો અરજીનુ નિવેદન ખોટુ હોવાનુ જણાશે તો અરજદાર તેમજ તેમની અરજીને ટેકો આપનાર વ્યકિત પર કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને તે કિસ્સામાં લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ વીલ રદ કરવામાં આવશે અને રદબાતલ ગણાશે.

(૬) આ હુકમ ફકત મહત્તમ કોર્ટ ફી સ્ટેમ્પ ઉપર લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ વીલ જારી કરવા પર જ અમલમાં આવશે.

આ હુકમ આજરોજ **તા.૯,** માહે **માર્ચ ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. મોરબી**
**તા.૯/૩/૨૦૨૬**

**( જીતેન્દ્રકુમાર જયંતિલાલ જોષી)**
**બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ, મોરબી**
**જજ કોડ – જીજે ૦૧૨૭૧**